॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

નમ્ર નિવેદન

(સર્વ જીવ-હિતચિંતકોને)

પ્રિય અને પૂજ્ય પરમાત્મીયજનો,

ડૉ. સ. સ. ભિક્ષુના હાર્દિક જય ઓમ્ ગુરુદેવ, જય નારાયણ.

આજે હું આપને એક અતિ અગત્યની વાતની યાદ આપતાં આનંદ અનુભવું છું :

પ.પૂ. ગુરુદેવશ્રીના પરમ પુનિત 'અમૃતમહોત્સવ' નિમિત્તે આપણે સૌએ સર્વજીવ-કલ્યાણ અર્થે બે અબજ 'ઓમ્ ગુરુ ઓમ્'ના મંત્રજપ કરવાનો પવિત્ર નિર્ધાર કર્યો હતો. આપણા સૌના સહિયારા પ્રયત્નથી અને પરમગુરુ ઓમ્ પરમાત્માની અસીમ કૃપાથી એક અબજ મંત્રો તો થઈ ગયા છે. હવે બીજા એક અબજ (સો કરોડ) મંત્રો પૂર્ણ કરીએ ત્યારે આપણો બે અબજ મંત્રજપનો નિર્ધાર-સંકલ્પ પૂરો થાય.

વિશ્વકલ્યાણ સાથે આપણું પણ કલ્યાણ થવાનું જ છે; કારણ કે, આપણે પણ વિશ્વમાં જ રહીએ છીએ. આપણા દ્વારા આવાં સર્વજીવ-કલ્યાણનાં કાર્યો થતાં જોઈને ગુરુસંતો ખૂબ રાજી થાય છે અને તેથી તેમના અંતઃકરણમાંથી આશિષની વર્ષા, વણમાગ્યે આપણા પર વર્ષી પડે છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, ''યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.'' આપણે સૌ ગુરુનિષ્ઠો વહેલામાં વહેલી તકે એ જાહેર કરીએ કે, બાકીના એક અબજ મંત્રજપમાં આપણા તરફથી (પોતે, પરિવાર, સ્નેહીમિત્રો વગેરે મળીને) કેટલો ફાળો આપી શકીશું. પૂ. ગુરુદેવને - ઓમ્ પરિવારને અત્યારે રૂપિયાનો નહિ, પણ મંત્રોનો ફાળો જોઈએ છે. શુભસ્ય શીઘ્રમ્. યથાશીઘ્ર તમારો મંત્રફાળો ઓમ્ પરિવારનાં કેન્દ્રોમાં લખાવી દેવા નમ્ર વિનંતી છે. ''અમુક સમયમાં, અમુક સંખ્યામાં અમે મંત્રજપ કરીશું'' તેવો સંકલ્પ આજે જ કરો અને તે સંખ્યા, આયોજકોને જણાવી દો.

મનની થોડી મક્કમતાથી રોજનો થોડો સમય આવાં શુભ કાર્ય પાછળ ખર્ચીને ખૂબ જ ઝડપથી આપણે જપસંખ્યા પૂરી કરી શકીએ છીએ. વગર પૈસે થઈ શકતું આવું મહાપુણ્યશાળી કાર્ય ન જ છોડાય. ''ટીપે ટીપે સરોવર ભરાય'' એ ન્યાયે સૌના મમતામય સહકારથી આ કાર્ય પણ ખૂબ ઝડપથી પૂર્ણ કરી શકીશું. આથી આપણું કલ્યાણ, સર્વજીવોનું કલ્યાણ અને ગુરુઆદેશનું પાલન એક સાથે થશે.

વિશ્વજીવોના કલ્યાણ માટે વિશ્વ ઉપર અનેક સદ્કાર્યો રૂપી યજ્ઞો થઈ રહ્યા છે. તેમાં, આપણા સૌ તરફથી (ઓમ્ પરિવાર તરફથી) બે અબજ મંત્રજપ એ તો માત્ર એક આહુતિ સમાન છે. કલ્યાણકારી કાર્યોમાં રુચિ રાખનારાઓ માટે આ એક અમૂલ્ય સુવર્ણ તક છે, જે ન ચૂકીએ, ન ચૂકીએ, ન ચૂકીએ.

ઓમ્ પરિવારના કાર્યકર્તાઓ વતી : આપના
ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુના
જય ઓમ્ ગુરુદેવ; જય નારાયણ, વંદન.

અંત વેળાએ...

મંત્રજપ અને ઈશ્વરસ્મરણ એ અત્યંત સરળ, સહજ, સૂક્ષ્મ અને અતિ મૂલ્યવાન સાધના છે. અંતકાળની વેળાએ જીવ જ્યારે કોઈ પણ સ્થૂળ સાધના કરવા અસમર્થ હોય છે ત્યારે પણ તે આ સૂક્ષ્મ સાધનમાં સરળતાપૂર્વક રમમાણ રહી શકે છે. — યોગભિક્ષુ

જાન્યુઆરી-૦૫ થી ૩૦મી એપ્રિલ ૦૫ સુધી થયેલા મંત્ર

(૧) મણીનગર ૬૫૬૨૪૫૦૦	(૩) જયદેવપુરા અને ખાંડેરાવપુરા	૧૮૬૭૭૮૦૦	(૫) ડાકોર -
(૨) નારણપુરા ૫૫૧૬૦૮૦૦	(૪) વલસાડ	૧૭૧૧૪૪૦૦	(૬) ઉમરેઠ -

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૨૨ (જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર)

VOL - XXII 2005-2006 ISSUE - I માનદ્ તંત્રી - નેપથ્ય વ્યાસ

પાતંજલ યોગદર્શન - સમાધિપાદ

("મુક્તા" પુસ્તકમાંથી સાભાર)

— યોગભિક્ષુ

પાતંજલ યોગદર્શનનાં સૂત્રો પરનું આ ભાષ્ય ("મુક્તા"), પૂર્વાચાર્યોનાં ભાષ્યો જેવું જ થયું છે એ કારણે જ તેને માન્ય ગણવું જોઈએ નહીં; તેવું કે તેનાથી જુદું પડે છે માત્ર તે જ કારણે તે અમાન્ય પણ ગણવું જોઈએ નહીં એવી નમ્ર વિનંતી છે.

જો આ ભાષ્ય પણ પૂર્વે થઈ ગયેલાં ભાષ્યો જેવું જ અક્ષરસહ હોય તો આ ભાષ્યની જરૂરત જ શી હતી?

ભાષ્યમાં તાત્ત્વિક-મૌલિક રજૂઆતો કરવા માટે જેટલી જરૂરત સંસ્કૃત ભાષાજ્ઞાનની તથા વિદ્વત્તાની છે તેના કરતાં પણ ઘણી વધુ જરૂરત સ્વાનુભવયુક્ત સાધનાની છે -"સ તુ દીર્ઘકાલનૈરન્તર્ય સત્કારાસેવિતો દ્રઢભૂમિઃ" થી દ્રઢભૂમિ થયેલા જ્ઞાનની છે તે હકીકત ભુલવા જેવી નથી.

સંશોધકો, જિજ્ઞાસુઓ, જ્ઞાનપિપાસુઓ તથા સાત્ત્વિક આનંદની પ્રાપ્તિના ગ્રાહકો માટે આમાં મૌલિક રજૂઆતો કરવાનો પ્રયત્ન થયો છે; નહીં કે શાસ્ત્રાર્થ, કે હારજીતની ભાવના, કે બુદ્ધિના પ્રદર્શન માટે. ખરેખર તાત્ત્વિક અને પ્રામાણિક રીતે જોતાં તો જગતમાં મૌલિકતા જેવું કાંઈ છે જ નહીં. છતાંય આપણે સૌ હઠાગ્રહને સત્યાગ્રહનું નામ આપીને મૌલિકતાનું પ્રતિપાદન કરવા કચ્છો કસીને, કૂદી પડ્યા છીએ! અસ્તુ.

યોગશાસ્ત્રનો પ્રારંભ કરતાં પહેલાં તેની મહત્તા દર્શાવતો શ્લોક સમજીએ :

આલોક્ય સર્વ શાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ ।
ઈદમેકં સુનિષ્પન્નં યોગશાસ્ત્રં પરં મતમ્ ॥

અર્થઃ સર્વ શાસ્ત્રો જોઈને, સર્વ શાસ્ત્રોનું અવલોકન કરીને, સર્વ શાસ્ત્રો વિષે પુનઃ પુનઃ વિચાર કરીને એ જોયું - એ નક્કી કર્યું - એ નિશ્ચય ઉપર આવ્યા - એ સિદ્ધ થયું કે, યોગશાસ્ત્ર પરમ શાસ્ત્ર છે; એટલે કે યોગશાસ્ત્ર સર્વશ્રેષ્ઠ શાસ્ત્ર છે. કૈવલ્ય પ્રાપ્ત કરવાનું, મનુષ્યજન્મની સાર્થકતા મેળવવાનું અમોઘ, અલૌકિક અને દિવ્ય શાસ્ત્ર એટલે યોગશાસ્ત્ર.

પરમ કૃપાળુ પરમેશ્વરની દયાથી, ગુરુદેવનાં આશીર્વચનોથી હવે આપણે યોગશાસ્ત્રનો પ્રારંભ કરી રહ્યા છીએ. આ પરમ પવિત્ર એવા કેદારેશ્વર મહાદેવમાં આજે તા. ૨૧-૮-૧૯૮૦ ના રોજ આપણે આ યોગશાસ્ત્ર સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ભગવાનની આપણા ઉપર દયા થઈ કે, યોગશાસ્ત્ર સમજવાનો આપણને અવકાશ મળ્યો.

("ઋતમ્ભરા"ના વાચકો એ વાતથી અજાણ નથી કે, પૂજ્યશ્રી ઉપરોક્ત સમય દરમ્યાન કપડવંજ પાસે આવેલા કેદારેશ્વર નામના પવિત્ર ધામમાં ચાતુર્માસ માટે રોકાયેલા. આ રોકાણ દરમ્યાન પ્રથમ "ગુરુમહિમા" ઉપરનું ભાષ્ય પૂજ્યશ્રીએ કરેલું. આપ સૌ એ ભાષ્ય અગાઉના અંકોમાં વાંચી ગયા છો. પાતંજલ યોગદર્શનના સમાધિપાદ ઉપરના ભાષ્યની શરૂઆત પણ આ સ્થળે જ થઈ હતી.)

આમ તો યોગના અનંત પ્રકાર છે. પૂ. આદ્ય શંકરાચાર્ય મહારાજે યોગતારાવલીમાં સવા કરોડ પ્રકારના યોગનો ઉલ્લેખ કરેલો છે. યોગ એટલે કે ચિત્તવૃત્તિનિરોધ કરવાનાં સાધનો, ઉપાયો, માર્ગો, યુક્તિ-પ્રયુક્તિઓ. યોગ એટલે કે ક્રમે ક્રમે સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં જવું, બહિર્મુખ ઇન્દ્રિયોને અંતર્મુખ કરવી. યોગ એટલે કે પ્રાણ-અપાનનું, ઇડા-પિંગલા નાડીનું, શિવ-શક્તિનું મિલન; યોગ એટલે વ્યષ્ટિ વિદ્યુતનું સમષ્ટિ વિદ્યુત સાથે સંધાણ કરી દેવું, શ્વાસોશ્વાસની લયતા સાધી શરીરની શીતોષ્ણતાની વિષમતા ટાળીને સદા નીરોગ રહેવું. સંપૂર્ણ નિર્વાસનીકતા કેળવીને એક શરીરમાં જ રહેલાં રજ-વીર્યને પરસ્પરમાં પચવા દઈને અજરપણાના સાચા રહસ્યને (વજ્રોલી મુદ્રાના સાચા રહસ્ય)ને પામવું વગેરે... વગેરે...

ચિત્તવૃત્તિઓનો નિરોધ કરીને પ્રાપ્ત શું કરવાનું છે? કૈવલ્ય, મુક્તિ, મોક્ષ, પરમ સ્વાતંત્ર્ય, આત્યંતિક સુખ. આત્યંતિક સુખ એટલે કે જે સુખ, દુઃખની પ્રતિક્રિયામાં ન પરિણમતું હોય એવું સુખ. પ્રાતઃસ્મરણીય યોગ- પ્રાચાર્ય શ્રી પતંજલિ મુનિકૃત પાતંજલ યોગદર્શન સમજવાનો હવે આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ.

પાંતજલ યોગને અષ્ટાંગ યોગ પણ કહેવામાં આવે છે. તેમાં આઠ અંગોનું નિરુપણ કરેલું છે અને યોગનો ક્રમપૂર્વક અભ્યાસ કરવા માટે તેમાં ક્રમશઃ આઠ અંગોની વિસ્તારપૂર્વક સમજણ આવે છે તેથી તેને અષ્ટાંગ યોગ કહે છે. આર્ષ-આર્ષ સંસ્કૃતિ એટલે શું? આપણે કોને ઋષિ-સંસ્કૃતિ કહી શકીએ? આપણાં છ દર્શનોને. એ છ દર્શનોને જો બાદ કરી નાખીએ તો જેને આપણે સંસ્કૃતિ કહીએ છીએ એવું કશું જ રહેતું નથી. આ ષડદર્શનો આર્ષસંસ્કૃતિનો આત્મા છે. આ ષડદર્શનોમાંનું જ એક પાતંજલ યોગદર્શન. તેનું પ્રથમ સૂત્ર છે :

અથ યોગાનુશાસનમ્ ॥૧॥

ભાવાર્થ : યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.

વિસ્તાર : આ સૂત્રના 'અથ' અને 'અનુશાસનમ્' શબ્દો વધુ સમજવા જેવા છે. અથનો અર્થ છે પ્રારંભ. અહીં અથ શબ્દ પ્રારંભવાચક પણ છે અને મંગળવાચક પણ છે. કોઈ સામાન્ય કાર્યનો પ્રારંભ કરતાં પહેલાં પણ આપણે કોઈ મંગળકારક કે ઈશ્વરવાચક શબ્દનો ઉપયોગ કરીએ છીએ. જેમ કે, શુભ-લાભ, રામ-કૃષ્ણ વગેરે. તો, આ તો યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે, એટલે અહીં પણ મંગળવાચક શબ્દનો પ્રયોગ થયો, પણ તેના માટે તેને યોગ્ય મંગળવાચક શબ્દ આવ્યો. યોગશાસ્ત્ર માટે પતંજલિમુનિએ મંગળવાચક શબ્દ 'અથ' પસંદ કર્યો છે. અથમાં ઘણા અર્થો સમાયેલા છે.

અથ એટલે પ્રારંભ અને ઇતિ એટલે પૂર્ણાહુતિ અર્થાત્ પૂર્ણ થયું. જ્યાં યોગશાસ્ત્ર પૂર્ણ થશે ત્યાં ઇતિ શબ્દ આવશે. અહીં પ્રારંભ થયો તેથી ત્યાં અથ શબ્દ આવ્યો. આમ અથ શબ્દથી યોગશાસ્ત્રનો પ્રારંભ થઈ રહ્યો છે.

પ્રથમ સૂત્રમાં ત્રીજો શબ્દ છે 'અનુશાસનમ્'. પતંજલિમુનિ આ જગ્યાએ શાસનમ્ નથી કહેતા. શાસનમ્ એટલે કે મારું શાસન છે એમ નથી કહેતા; યોગશાસ્ત્ર હું મારા તરફથી તમને કહી રહ્યો છું, યોગવિદ્યા મારા તરફથી તમને આપી રહ્યો છું એવું તેમનું કહેવું નથી. "અનુશાસનમ્" શબ્દથી તેઓ કેટલા વિનમ્ર અને નિરહંકારી હતા તેનો આપણને પરિચય મળે છે. અનુશાસનમ્ એટલે કે આ શાસ્ત્ર મને હિરણ્યગર્ભ આદિ પૂર્વાચાર્યો દ્વારા પ્રસાદરૂપે મળેલું છે. એ શાસ્ત્ર હું તમને આપી રહ્યો છું, સંભળાવી રહ્યો છું. આ કાંઈ મારી સ્વતંત્ર રચના નથી. આ વિદ્યા જે હું તમને આપી રહ્યો છું તેનો યશ મને આપશો નહીં, કારણ કે, આ તો મને પણ આચાર્યો દ્વારા પ્રાપ્ત થયેલી અમોઘ વિદ્યા છે. પરંપરા સાચવી રાખવા અને પ્રવાહને વહેતો રાખવા હું તેને આગળ વધારી રહ્યો છું, અર્થાત્ તમને આપી રહ્યો છું. આમ 'અનુશાસનમ્' શબ્દથી ઘણીબધી વાતો સમજાય છે. હવે યોગ શાને કહેવાય તે કહે છે.

યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ ॥૨॥

ભાવાર્થ : ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહેવામાં

આવે છે. ચિત્તવૃત્તિઓને થંભાવી દેવી - રોકી દેવી તે યોગ છે.

વિસ્તાર : યોગશાસ્ત્રમાં 'નિરોધ' શબ્દનો અર્થ કેટલો દિવ્ય, કલ્યાણકારી અને ઉત્થાનકારક છે! જ્યારે હાલમાં 'નિરોધ' શબ્દ કેટલા વિકારી અને સ્વચ્છંદી અર્થમાં વપરાય છે!

પ્રથમ સૂત્રમાં આવ્યું કે, 'અથ યોગાનુશાસનમ્' તેથી યોગ એ શું છે તેનું આપણા મનમાં સ્વાભાવિક જ કુતૂહલ થાય, જિજ્ઞાસા થાય કે યોગ એ શી ચીજ હશે? યોગ ખાવાપીવાની કે પહેરવા-ઓઢવાની કે રમવાની ચીજ હશે? યોગ કિસ ચિડિયાકા નામ હૈ? યોગનો પ્રારંભ તો થઈ રહ્યો છે, પણ એ છે શું? તો બીજા સૂત્રમાં એનો જવાબ આપવામાં આવ્યો કે, ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહે છે. ચિત્તની પાંચ વૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ થઈ જાય તેને યોગ કહેવામાં આવે છે.

શ્રીકૃષ્ણે ગીતામાં "યોગઃ કર્મસુ કૌશલમ્" કહીને યોગની વ્યાખ્યા કરી છે. યોગઃ કર્મસુ કૌશલમ્ એટલે કે કર્મમાં કુશળતાનું નામ યોગ છે એમ ગીતામાં કહ્યું. વ્યાસદેવજી મહારાજે પોતાના ભાષ્યમાં તેની વ્યાખ્યા "યોગસ્સમાધિ" અર્થાત્ સમાધિને યોગ કહેવામાં આવે છે એવી કરી છે.

(૧) ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહેવામાં આવે છે, (૨) કર્મમાં કુશળતાને યોગ કહેવામાં આવે છે અને (૩) સમાધિને યોગ કહેવામાં આવે છે. આપણે આ ત્રણ વ્યાખ્યાને સમજવાનો પ્રયત્ન કરીએ.

પાતંજલ યોગદર્શનની 'યોગ'ની વ્યાખ્યાને ગીતાની 'યોગ'ની વ્યાખ્યા વધુ સ્પષ્ટ કરે છે. બંનેને મિલાવવાથી પૂર્ણ સ્પષ્ટતા થાય છે. ચિત્તવૃત્તિના નિરોધ માટે પણ જો કુશળતા આચરવામાં ન આવે તો પણ યોગની પ્રાપ્તિ થાય નહીં, અને કેવળ કર્મમાં કુશળતા લાવવાથી પણ યોગની પ્રાપ્તિ થાય નહીં. અહીં આ રહસ્ય ખૂબ સમજવા જેવું છે કે, ચિત્તવૃત્તિનિરોધ માટે પણ કુશળતાપૂર્વક પ્રયત્ન કરવાથી જ સફળતા મળી શકે.

"કર્મમાં કુશળતાનું નામ યોગ છે" એ ગીતાની વ્યાખ્યાને જરા વધુ સમજવાનો પ્રયત્ન કરીએ. દરેક કર્મમાં-કાર્યમાં કુશળતા તો હોવી જ જોઈએ આ વાત આપણે સારી રીતે સમજીએ છીએ. જો કુશળતા-કુશાગ્રતા ના હોય, જો કાર્યને બુદ્ધિપૂર્વક-ધ્યાનપૂર્વક કરવામાં ન આવે, તો તેમાં કાંઈ ભલીવાર આવે નહીં. કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવી હોય, તો તેને કુશળતાપૂર્વક-ધ્યાનપૂર્વક કરવું જોઈએ.

યોગ એટલે મળવું. યોગ શબ્દનો પ્રચલિત અર્થ છે મિલન-મુલાકાત. અત્યારે તમારું અને અમારું મિલન થયું છે તે પણ 'યોગ' થયો કહેવાય. તેવી રીતે કર્મ સાથે આપણો યોગ થઈ જવો જોઈએ, અર્થાત જે સ્થૂળ-સૂક્ષ્મ કર્મ આપણે કરતા હોઈએ તેનાથી જુદા ના રહીએ, તેની સાથે એકાકાર થઈ જઈએ. તો એ કાર્ય પૂર્ણ થઈ શકે. કર્મની કુશળતા કર્મ સાથે એકાકાર થઈ જવામાં રહેલી છે.

"કર્મની કુશળતાનું નામ યોગ છે." એ વ્યાખ્યાને સ્થૂળ અર્થમાં લઈએ તો અનર્થ પણ થઈ શકે છે. કર્મમાં માત્ર કુશળતા એને જ જો યોગ કહી દઈએ, તો કોઈ પણ પ્રકારનું કર્મ અને તેમાં આચરાતી કુશળતા એ પણ યોગ કહેવાય. ચોરી, હિંસા ઇત્યાદિ ખોટાં કર્મો કુશળતાપૂર્વક કરીએ, તો તે પણ યોગ કહેવાય. તો શું આવો યોગ આપણને જોઈએ છે? નથી જોઈતો. ચોરી, હિંસા, પાપ ઇત્યાદિને તમામ શાસ્ત્રોએ નિંદ્ય ગણ્યાં છે. સર્વ મહાપુરુષોએ-આપ્તજનોએ એવાં કર્મો કરવાની મનાઈ ફરમાવી છે. તેથી ખોટાં કર્મોમાં કુશળતાને યોગ કઈ રીતે કહી શકાય! ખોટાં કર્મોમાં ભલેને આપણે કુશળતા આચરીએ; ચોરી, હિંસા, પાપ ઇત્યાદિને કુશળતાપૂર્વક કરીએ, છતાં તેને યોગ ના જ કહેવાય. "યોગઃ કર્મસુ કૌશલમ્"નો અર્થ, જો સ્થૂળ રીતે કરીએ તો કુશળતાપૂર્વક કરવામાં આવતું કોઈ પણ કર્મ યોગ કહેવાય. પરંતુ આવી વ્યાખ્યા યોગ્ય નથી. તેથી આ વ્યાખ્યાને આપણે આ રીતે સમજવી જોઈએ - કર્મમાં કુશળતા જરૂર હોવી જોઈએ, પરંતુ કયા કર્મમાં? કોઈ પણ કર્મમાં નહીં પરંતુ સમાધિના કર્મમાં, વૃત્તિનિરોધના કર્મમાં કુશળતા હોવી જોઈએ.

સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં સમજાશે કે, આગળની બે વ્યાખ્યામાં અપૂરી લાગતી સ્પષ્ટતા ગીતામાં આ રીતે વધુ સ્પષ્ટ કરવામાં આવી છે. આ બંને વ્યાખ્યાઓ પર "યોગઃ કર્મસુ કૌશલમ્" શ્લોક દ્વારા વધુ પ્રકાશ ફેંકીને વધુ સ્પષ્ટ કરવામાં આવ્યું કે, સમાધિ પ્રાપ્ત કરવાનાં કર્મોમાં પણ જો કુશળતા નહીં હોય તો તેમાં સફળ નહીં થવાય. ભલે સમાધિ પ્રાપ્ત કરવાના કર્મનું આચરણ કરીએ, પરંતુ જો તેમાં પણ "કૌશલમ્" નહીં હોય તો નિષ્ફળ જઈશું. યોગનાં આઠ અંગોને આચરણમાં મૂકતી વખતે પૂરેપૂરી કુશળતા-નિપુણતા-પ્રવીણતા જોઈશે. અસ્તુ.

વૃત્તિઓ દ્વારા આપણે સતત બહિર્મુખ રહીએ છીએ તેમાંથી અંતર્મુખ થવું એટલે યોગ. દરેક ઇન્દ્રિયને બે મુખ છે : એક મુખ બહાર અને બીજું મુખ અંદર ખૂલેલું છે. બેમાંથી કોઈ પણ એક જ મુખ ખૂલેલું રહે છે. કુદરતી નિયમ એવો છે કે, બહારના મુખને બંધ કરી દઈશું તો અંદરનું મુખ ખૂલી જશે, અને અંદરનું મુખ બંધ કરી દઈશું, તો બહારનું મુખ ખૂલી જશે. બહિર્મુખ એટલે જેનું મોઢું બહાર ખૂલેલું છે તે; એટલે કે બહારના જગતનો બહારના વિષયોનો, બહારના પ્રપંચોનો, બહારના વ્યવહારનો, બહારની માયાનો, અને બહારની ખટપટોનો સતત અનુભવ કરીને મનુષ્ય ક્લેશયુક્ત-ત્રાસયુક્ત થઈ જાય છે. અંદરની અલૌકિક અને દિવ્ય દુનિયા કે જે અનંત છે તેનો અનુભવ તે લઈ શકતો નથી, કેમકે ઇન્દ્રિયોનાં અંદરનાં મુખો બંધ છે. ઇન્દ્રિયોનાં અંદરનાં મુખો ખૂલી જવાં એટલે અંતર્મુખ થવું, બહિર્મુખતામાંથી અંતર્મુખપણામાં જવું. આમ, યોગનો બીજો અર્થ થયો અંતર્મુખ થવું, અર્થાત્ બહિર્મુખપણાથી છૂટી જવું.

ત્રીજો અર્થ - સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં જવું એ છે. અંદરનું જગત કેવું છે? સૂક્ષ્મ છે અતિસૂક્ષ્મ છે, સૂક્ષ્મ જગતનો અનુભવ કરવો, સૂક્ષ્મ જગતને ઓળખવાનો પ્રયત્ન કરવો તેને કહેવામાં આવે છે સૂક્ષ્મ જગતમાં જવું - સ્થૂળ જગતમાંથી સૂક્ષ્મતામાં પ્રવેશ કરવો. બહારનું જગત સ્થૂળ છે. આપણે બહિર્મુખ રહીને બહારના સ્થૂળ જગતનો જ અનુભવ કરી શકીએ છીએ, પરંતુ અતિ અલૌકિક, દિવ્ય, મહાન અંદરનું જગત છે તેનો અનુભવ આપણે કરી શકતા નથી. તેનો અનુભવ કરવા માટે અંતર્મુખ થવું જોઈએ - સૂક્ષ્મ જગતમાં જવું જોઈએ. આ રીતે જોતાં -

(૧) યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ.
(૨) યોગ એટલે સમાધિ પ્રાપ્ત કરવાનાં કર્મોમાં કુશળતા.
(૩) યોગ એટલે સમાધિ.
(૪) યોગ એટલે અંતર્મુખ થવું.
(૫) યોગ એટલે સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં પ્રવેશ કરવો.

આમ, યોગના અનેક પ્રકારના અર્થોની વાત થઈ. યોગના મુખ્ય પ્રકારોનાં પ્રચલિત નામો આ પ્રમાણે છે : રાજયોગ, હઠયોગ, મંત્રયોગ, લયયોગ, જપયોગ, વગેરે વગેરે. યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ કરવાના અતિ સૂક્ષ્મ ઉપાયો-યુક્તિઓ. તે અનંત છે. જેને જે ફાવે તે ઉપાયનો ઉપયોગ કરી ચિત્તવૃત્તિનો નિરોધ કરીને કૈવલ્યની અનુભૂતિ કરી શકે છે.

ચિત્તવૃત્તિનો નિરોધ કરવાથી શું મળે તે હવે કહે છે.

तदा द्रष्टुः स्वरूपे अवस्थानम् ॥૩॥

ભાવાર્થ : તે વખતે (વૃત્તિઓના નિરોધ વખતે) દ્રષ્ટા (જીવાત્મા) સ્વમાં સુસ્થિર હોય છે.

વિસ્તાર : જ્યારે યોગની પ્રાપ્તિ થાય છે, એટલે કે ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે, ત્યારે કેવી અવસ્થા ઉત્પન્ન થાય છે?

તે વખતે દ્રષ્ટા-આત્મા-જીવાત્મા સ્વસ્થ-સ્વરૂપસ્થ થાય છે - હોય છે, પોતે પોતાના રૂપમાં સ્થિર થઈ જાય છે. તે વખતે તે કૈવલ્ય-કેવળ-એક-અનન્ય-અદ્વૈત-સમાધિસ્થ-સ્વરૂપપણાનો અનુભવ કરે છે. ક્યારે? જ્યારે ચિત્તવૃત્તિનો નિરોધ થઈ જાય છે ત્યારે. ત્યારે તે બિલકુલ એકલો, અર્થાત્ બીજા કોઈની પણ હાજરી નહીં, એટલે કે તે વખતે કોઈ પણ ભાવનાનું મિશ્રણ નહીં. કેવળ જ સ્વસ્થ-સ્વરૂપસ્થ, પોતામાં સ્થિર, પોતાના રૂપમાં લીન. એ અવસ્થાનું જુદા જુદા દેશકાળમાં અને જુદા જુદા આચાર્યો દ્વારા ભિન્ન ભિન્ન રીતે વર્ણન કરવામાં આવ્યું

છે. મોક્ષ, મુક્તિ, કૈલાસ, અક્ષરધામ, રાજયોગ, સમાધિ, ઉન્મનિ, મનોન્મનિ, અમરત્વ, લય, તત્ત્વ, શૂન્યાશૂન્ય, પરમપદ, અમનસ્ક, અદ્વૈત, નિરાલંબ, નિરંજન, જીવનમુક્તિ, સહજા, તુરીય, ઓઘડઘાટ, સાકેત; આમ પાર વિનાના શબ્દો એના માટે વપરાયેલા છે, પરંતુ આ જગ્યાએ "स्वरूपे अवस्थानम्" અર્થાત્ 'સ્વરૂપમાં સ્થિર' એ બહુ સુંદર શબ્દ વપરાયો છે. કે જેથી સાચો ખ્યાલ આવી શકે કે ત્યારે શું થાય છે, કેવી પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. ત્યારે અમુક લોકમાં જવાય છે. અને ત્યાં ભોગો ભોગવાય છે એવી બધી પ્રલોભનવાળી ખોટી સમજણની જે વાતો છે તેના કરતાં સાચો ખ્યાલ આપતો શબ્દ વાપર્યો છે તે સાર્થક છે. તે વખતે દ્રષ્ટા સ્વરૂપના આનંદમાં મસ્ત થઈ જાય છે.

વૃત્તિઓના નિરોધને યોગ કહે છે, પણ તેનો નિરોધ ના થયો હોય ત્યારે તેને શું કહે છે, ત્યારે દ્રષ્ટાની સ્થિતિ કેવી હોય છે તે આગળનું સૂત્ર કહી રહ્યું છે.

वृत्तिसारूप्यमितरत्र ॥४॥

ભાવાર્થ : ઇતર (વૃત્તિનિરોધ સિવાયની) અવસ્થામાં (જીવાત્મા) વૃત્તિના સ્વરૂપવાળો હોય છે.

વિસ્તાર : ચિત્તવૃત્તિનો નિરોધ ના હોય ત્યારે દ્રષ્ટા વૃત્તિ અનુરૂપ હોય છે. કામ, ક્રોધ, મોહ, મત્સર વગેરે હોય ત્યારે તે, તેમય હોય છે. આગળ પાંચ વૃત્તિઓનાં નામો આવી રહ્યાં છે, તેમાંથી જેની હાજરી હોય ત્યારે દ્રષ્ટા તે વૃત્તિમય થઈ ગયેલો હોય છે. પરંતુ બધી જ વૃત્તિઓનો નિરોધ થઈ ગયેલો હોય ત્યારે તે સ્વરૂપસ્થ હોય છે.

દ્રષ્ટા સ્વરૂપમાં સ્થિત-સ્થિર હોય છે તે વાતને દૃષ્ટાંતથી સમજીએ. જો કે દૃષ્ટાંત એકાંગી હોય છે તેથી તે મૂળ વાતને પૂર્ણપણે સમજાવી શકતું નથી, છતાં અમુક અંગની તો સમજણ આપે જ છે. દ્રષ્ટાની સ્થિતિ સમજવા માટે આપણે પાણીનું દૃષ્ટાંત લઈએ. પાણી શુધ્ધ સ્વરૂપમાં કેવું નિર્મળ લાગે છે! કારણ કે, તે પોતાના રૂપમાં છે. પરંતુ તેને જ્યારે કાચના ગ્લાસમાં ભરીએ ત્યારે તે પાણી ગ્લાસના લાંબા-પહોળા, ગોળ-ચોરસ વગેરે આકારને ગ્રહણ કરી લે છે. કાચનો ગ્લાસ જેવા રંગનો હોય તેવા રંગનું પાણી દેખાય છે અથવા તો પાણીમાં જેવો રંગ નાખ્યો હોય તેવું તે દેખાય છે, અથવા પાણીમાં બહારની આકૃતિઓનાં જેવાં પ્રતિબિંબો પડતાં હોય તેવું તે દેખાય છે. પરંતુ, તે તેનું મૂળ રૂપ નથી. તે જ્યારે તેના મૂળ રૂપમાં હોય, જ્યારે તે કોઈ પણ પ્રકારનાં પ્રતિબિંબો કે રંગ વિનાનું હોય, અથવા કોઈ પણ પ્રકારની આકૃતિવાળા વાસણમાં ના હોય, ત્યારે તે સ્વ-રૂપમાં હોય છે. તેમ, કોઈ પણ વૃત્તિની હાજરી ના હોય ત્યારે દ્રષ્ટા સ્વરૂપમય હોય છે અને જ્યારે વૃત્તિની હાજરી હોય છે ત્યારે તે વૃત્તિમય હોય છે. અસ્તુ.

(ક્રમશઃ)

ગુરુ-સદ્‌ગુરુ કોણ?

— યોગભિક્ષુ

જો કોઈની પાસેથી કંઈ પણ લઈએ, તો જેની પાસેથી લીધું એ 'ગુરુ' કહેવાય, જેણે લીધું તે 'લઘુ' કહેવાય.

મનુષ્ય પોતાના જીવનમાંથી જ્યારે ગુરુને બાદ કરી નાખે છે, ત્યારે એનું જીવન શૂન્ય થઈ જાય છે. પોતે શૂન્ય થઈ જાય છે. જો ગુરુનો સ્વીકાર કરે તો પોતે સર્વ કાંઈ છે. જેની પાસેથી આપણને કાંઈ પણ શીખવા મળે એ આપણા ગુરુ છે. આપણી સંસ્કૃતિમાં એ પ્રમાણે ઘણા ગુરુઓને માન્ય કરેલા છે. જેમકે, કર્મકાંડ કરાવનાર પુરોહિત, આપણે ત્યાં આવતા ગોર ઇત્યાદિ. રામચંદ્ર ભગવાનને અને બીજા બધા અવતારોને પણ ગુરુ હતા. જેની પાસેથી જે શીખવા મળે એ, એ વિષયના ગુરુ. આમ લૌકિક વિદ્યા માટે પણ ગુરુ શબ્દનો ઉપયોગ થાય છે.

પરંતુ શાસ્ત્રમાં 'ગુરુ-સદ્‌ગુરુ' શબ્દ બધા માટે નથી વપરાયો. સદ્‌ગુરુ તો એક જ - જે આત્મા અને પરમાત્માની વાત સમજાવે તે. બીજા અનેક ગુરુઓ માટે સલાહકાર, માસ્તર, ઉસ્તાદ, માર્ગદર્શક એમ અનંત

શબ્દ વપરાયા, પરંતુ 'ગુરુ' શબ્દ કોઈને માટે ના વપરાયો.

તમામ ભૌતિક વિદ્યા-કળા કરતાં જે વિદ્યા વધુમાં વધુ મૂલ્યવાન હતી, 'ગુરુ' હતી એનું જ્ઞાન જે આપે તે ગુરુ; દિવ્ય, અલૌકિક એવી આધ્યાત્મિક વિદ્યા આપી તેથી તેને ગુરુ કહ્યા. આપી એટલે? તે જેવા સ્વરૂપમાં હતી તેને તેવા સ્વરૂપમાં સમજાવી. જો ગુરુ હોય તો આપણે સર્વ કાંઈ, નહીં તો કાંઈ નહીં.

માતા-પિતા તથા આચાર્યને દેવો કહ્યા છે. નવ માસ માતાના ગર્ભમાં રહ્યા અને ત્યાર બાદ પણ ઘણા સમય સુધી માતાના આધારે રહ્યા. માતાના ક્ષેત્રમાંથી છૂટા થઈને મોટા થતાં પિતાના ક્ષેત્રમાં આવ્યા. ત્યાં પિતાની સહાયતા અમુક સમય સુધી લીધી. પિતાની સહાયતા દરમ્યાન જ એમની સહાયતાના આધારે બીજા ઘણાની સહાયતા લઈ શક્યા. અને એ દરમ્યાન સ્કૂલમાંથી કૉલેજ સુધી પહોંચી ગયા અને ડિગ્રી પણ મેળવી લીધી. આ સમય દરમ્યાન પિતાની સહાયતા ઉપર નિર્ભર રહી બીજા ઘણાની - જેમ કે માસ્તર, પ્રોફેસર વગેરેની - જીવનઘડતરમાં સહાય લીધી. આમ, માતા-પિતાની સહાય દરમ્યાન જ ઘણાબધાની ઘણી ઘણી મદદ લીધી. અનંત પ્રકારની સહાયતાથી અનંત પ્રકારના ગુરુઓ થયા અને આમ, એક વ્યક્તિના વિકાસ પાછળ કેટલી બધી વ્યક્તિઓએ કેટલો બધો ભોગ આપ્યો!

હું 'એન્જિનિયર' એમ બોલતાં પહેલાં તને એન્જિનિયર બનાવવામાં કેટલાની જરૂર પડી એનો કદાપિ વિચાર કર્યો છે? કે "હું એન્જિનિયર, હું ગુરુમાં નથી માનતો; ગુરુ ના જોઈએ" એમ જ બકતો રહીશ!

તું એન્જિનિયર થયો એ વિદ્યા કોઈ ગુરુ વિના થોડી પ્રાપ્ત થઈ? તો એન્જિનિયર કહે : એટલા માટે જો ગુરુનો સ્વીકાર કરવો પડતો હોય તો હું એન્જિનિયરની પદવી પાછી આપી દઉં છું. એના વિના ચલાવીશ.

મિત્ર કહે : આ અંગ્રેજી બોલો છો એ ક્યાંથી શીખી લાવ્યા?

તો કહે : એ પણ પાછું આપી દીધું.

મિત્ર : અને આ ગુજરાતી?

તો કહે - એ પણ ના જોઈએ. ગુરુ ના જોઈએ. ગુરુની શી જરૂર છે?

એમ સૌ-સૌનું બધું પાછું આપી દેતાં કપડાં અને જોડાં પણ પાછા આપી દીધાં. હવે દિગંબર! પછી કહે : હવે તો મારા કોઈ ગુરુ નહીં ને?

મિત્ર : અરે ભાઈ! ગુરુ છે, તો આપણે છીએ, નહીં તો શૂન્ય. આ તમારું શરીર છે એ ક્યાંથી લાવ્યા? તે પણ માતાપિતાએ આપ્યું છે. તો, માતાપિતા તમારાં ગુરુ ખરાં કે નહીં?

એન્જિનિયર વિચાર કરે છે કે, આ શરીર પણ છોડી દઉં. પણ શરીર છોડી દઉં તો મારું અસ્તિત્વ જ ક્યાં રહ્યું? એટલે શરીર રાખ્યું. શરીર રાખ્યું એટલે એક પછી એક બધાની જરૂર પડી. છોડેલું બધું અપનાવતાં અપનાવતાં ઠેઠ એન્જિનિયર સુધી પહોંચી ગયા. ગુરુને ન સ્વીકારો એટલે શૂન્ય. જો તમારું શરીર પણ તમારું નથી, તો તમારું છે શું? તમે તમારી સાથે શું લાવ્યા છો? કાંઈ નહીં. માટે ગુરુનો સ્વીકાર કરો ઋણનો સ્વીકાર કરો. જો કે શાસ્ત્રોએ આ બધાને માટે 'ગુરુ' શબ્દ વાપર્યો નથી.

મનુષ્ય-શરીર ધારણ કર્યું, ઘણુંબધું શીખ્યા. શા માટે? આત્મા, પરમાત્માના જ્ઞાનમાં આ બધું સહાયરૂપ હતું એટલે શીખ્યા. જેની સહાયની જેમ જેમ જરૂર ઓછી તેમ તેમ તેનું ગુરુપણું ઓછું. જેમકે, મોચીથી આગળ દરજી, દરજીથી આગળ માસ્તર, માસ્તરથી આગળ પ્રોફેસર, પ્રોફેસરથી આગળ ડૉકટર. આમ, જેની જરૂર વધુ તેનું ગુરુપણું વધુ. બીજું બધું હોવા છતાં જો શરીર અસ્વસ્થ થઈ જાય તો તરત કોની જરૂર પડે? એને માટે ડૉકટરની જરૂર પડશે. બીજી જરૂરિયાતોના ગુરુ પછી; પરંતુ શરીરને સંભાળનાર ડૉકટરની અગત્ય વધારે. વળી, શરીરનાં ઘણાં અંગો છે : પગ, હાથ, પેટ, ફેફસાં, હૃદય વગેરે; એની સંભાળ રાખનારની અનુકમે કિંમત વધુ. હૃદયમાં કંઈ થઈ જાય તો હૃદયરોગના નિષ્ણાતને તાબડતોડ

બોલાવવા પડે. શરીરમાં હૃદયની કિંમત વધુ છે, તેથી એના ડૉકટરની કિંમત પણ અગત્યતા પણ વધુ.

પરંતુ એ હૃદયમાં જે વસે છે એનું જ્ઞાન જ ના થાય તો શું કામનું? ઈંટ-ચૂનાના મંદિરમાં મૂર્તિરૂપે ભગવાનને બેસાડનાર તો હૃદય છે. મૂર્તિ-ભગવાન એની મેળે મંદિરમાં નથી બેસતા. બધા ઈંટ-ચૂનાના મંદિરોની દેખભાળ રાખનાર શરીર-મંદિર છે. મહેમાન આવવાના હોય તો ઘરને કેટલું સ્વચ્છ રાખીએ છીએ? તો ઈંટ-ચૂનાના મંદિરમાં ભગવાનને બેસાડનારે, ભગવાન જે મંદિરમાં બેઠા છે એની કેટલી સંભાળ રાખવી જોઈએ, જેથી ભગવાન લાંબો વખત એ મંદિરમાં રહી શકે. મહેમાન આપણે ત્યાં ક્યારે વધુ રહે? જ્યારે એને આપણે ત્યાં રહેવાનું ગમે.

જો શરીર-મંદિરમાં બિરાજનાર હૃદયમાં હોય તો હૃદય વધુ કિંમતી. એ હૃદયમાં ચેતન પરમાત્મા બેઠા છે. એ પરમાત્મા શરીર-મંદિરમાંથી ચાલ્યા જાય, તો તો શરીર નકામું. મડદાની આંખ જુઓ ત્યારે જ ખબર પડે કે જીવતાની આંખમાં શી વિશેષતા છે. ગુરુદેવ શરીરમાંથી નીકળી જાય ત્યારે ખબર પડે કે, એ ચેતન આંખમાં કઈ ચીજ હતી. એ ચેતનતત્ત્વ જ્યારે નીકળી જાય ત્યારે શરીર, શરીર નહીં પરંતુ ફક્ત પંચમહાભૂત. તો આમ, જ્યાં સુધી શરીરરૂપી પંચમહાભૂતમાં ગુરુદેવ બેઠા છે ત્યાં સુધી જ એ શરીરની કિંમત છે. આ વાત જે સમજાવે તેના માટે શાસ્ત્રમાં 'ગુરુદેવ' શબ્દ વાપર્યો છે.

જે ઘડીએ ગુરુની બાદબાકી કરીએ એ વખતે આપણે જ બાદ થઈ જઈએ. ગુરુનો જે સ્વીકાર કરે છે એને તો ગુરુ છે જ, પરંતુ ગુરુમાં જે માનનારા નથી તેમને પણ ગુરુ છે જ. આપણા અસ્તિત્વથી જ આપણાં માતાપિતાનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તેમ આપણા અસ્તિત્વથી જ આપણા ગુરુનું અસ્તિત્વ પણ સિધ્ધ થઈ જાય છે. જેને પોતાનાં માતાપિતા કોણ એની ખબર ના હોય તેનું સમાજમાં ઘણું નીચું સ્થાન છે. એવી જ રીતે, જેને પોતાના ગુરુ કોણ એની ખબર ના હોય તેને માટે સમાજમાં કેવું સ્થાન હોય?

અખંડ મંડળાકારરૂપ સ્થાવર-જંગમાત્મક સંસારમાં વ્યાપી રહેલા ઈશ્વરનાં જે દર્શન કરાવે તે સદ્‌ગુરુ છે. **ગુરુમાં જે માને છે એને તો ગુરુ છે જ, પણ જે ગુરુમાં નથી માનતા તેને પણ ગુરુ છે એવું જે સાબિત કરી આપે તે સદ્‌ગુરુ છે.**

પંચમહાભૂતના શરીર-મંદિરમાંના બોલતા-ચાલતા પરમાત્માની વાત સમજાવે, એ ચેતનતત્ત્વની-ગુરુતત્ત્વની હાજરીમાત્રથી આ શરીરરૂપી મંદિરનું અસ્તિત્વ છે એ વાત જે સમજાવે, શરીરની ગતિશીલતા જેના આધારે છે એ તત્ત્વની જે સમજણ આપે તે સદ્‌ગુરુ છે.

આત્મા અને પરમાત્માની વાત સમજાવે, ગુરુઓના ગુરુ ઓમ્‌નારાયણનું જ્ઞાન આપે; આપણી પ્રકૃતિ, સ્વભાવ, સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખી જ્ઞાન આપવાનો પ્રયત્ન કરે તે સદ્‌ગુરુ છે.

ઉપરોક્ત જ્ઞાનદાન કરનારાઓ માટે શાસ્ત્રમાં 'ગુરુ' કે 'સદ્‌ગુરુ' શબ્દ પ્રયોજાયો છે.

ગુરુજનો પાસેથી શું ઇચ્છવું જોઈએ?

લોકો ગુરુજનો પાસે પણ ભૌતિક-લૌકિક ઇચ્છાથી જતા હોય છે એ મોટું અજ્ઞાન છે. જે વસ્તુ પ્રયત્ન કરવાથી પ્રાપ્ત કરી શકીએ એની ઇચ્છા ગુરુજનો પાસેથી રાખતાં મોટા નુકસાનમાં રહીએ છીએ; કાંચનના બદલે કાચ લીધા જેવું થાય છે. આપણે જાતે પ્રયત્ન કરવા છતાં, જે વસ્તુ પ્રાપ્ત કરવામાં અશક્તિમાન હોઈએ એવી જે આધ્યાત્મિકતા, એવું જે આત્મા-પરમાત્માનું જ્ઞાન, એ જ્ઞાન ગુરુજનો પાસેથી પ્રાપ્ત કરવું જોઈએ. પરમાત્મા પાસે, ગુરુજનો પાસે, સંત-યોગીઓ પાસે શું માંગવું જોઈએ? એને માટે સાચા સલાહકારની જરૂર છે. નહીં તો આપણી સ્થિતિ પેલા ભિખારી જેવી થાય.

એક ભિખારી હતો. કોઈ કારણસર રાજા એના ઉપર પ્રસન્ન થયા. કહે : "માગ... માગ, માગે તે આપું." ભિખારી કહે : "આપને જે આપવું હોય તે આપો." રાજા વિચાર કરે છે : "હું રાજા, જેના ઉપર પ્રસન્ન થાઉં તેને ભિખારી રહેવા દઉં, તો મારું રાજાપણું

લાજે. આજે તો આને પાંચ ગામ આપી દઉં." પછી વિચાર આવ્યો : રખેને આ ભિખારીને પાંચ ગામ કરતાં વધારે જોઈતું હોય તો? તેથી ભિખારીને ફરીથી કહ્યું : "તું તારે મોઢેથી માંગી લે, તું માંગે એ મારે આપવું." રાજા એ દિવસે બહુ પ્રસન્ન હતા. ભિખારી વિચાર કરે છે : શું માંગું? એણે એના મિત્રની સલાહ લીધી. ભિખારીનો ભાઈબંધ થોડો બુદ્ધિશાળી હતો. તેણે વિચાર કર્યો : "આ મારો ભિખારીમિત્ર માગી માગીને શું માગશે? એના કરતાં રાજા પોતે જ નક્કી કરીને આપે તો ભિખારી ન્યાલ થઈ જાય." તેથી તેની અને રાજાની વચ્ચે રકઝક ચાલી. રાજા કહે, તું માંગ. મિત્ર કહે, તમારે આપવું હોય તે આપો. આ રકઝકથી ભિખારી કંટાળી ગયો. એને થયું કે રકઝકના કારણે કદાચ બધુંય ખોઈશું. આપણે તો સો રૂપિયા માગવા છે અને રાજા પચ્ચીસ રૂપિયા જ આપશે તો આપણાથી કંઈ જ નહીં બોલાય. એમ વિચારીને એ વચ્ચે જ બોલી ઊઠ્યો કે, "આપ મારા પર ખરે જ પ્રસન્ન થયા હો તો સો રૂપિયા આપો." રાજાએ સો રૂપિયા આપી દીધા. એમાંથી ભિખારીએ એક મહિના સુધી જલસા કર્યા. પછી તો એ હતો એવો ને એવો.

દિવસમાં બે રૂપિયા મેળવતો હતો એટલે એના માટે સો રૂપિયા ઘણા હતા. રાજા પ્રસન્ન થયા, છતાં એ ભિખારી જ રહ્યો. તેવી જ રીતે મનુષ્ય પણ પરમાત્મા પાસે, ગુરુજનો પાસે અલૌકિક વસ્તુઓ માંગીને અલૌકિક નથી બની જતો, રાજા નથી બની જતો.

ગુરુ-આજ્ઞામાં ઇન્દ્રિયોનો કલ્યાણકારી ઉપયોગ

મનુષ્યમાત્રને પરમ કૃપાળુ પરમાત્માએ ઇન્દ્રિયો આપેલી છે. કોઈ તે જ ઇન્દ્રિયો દ્વારા પોતાનું કલ્યાણ કરે છે અને કોઈ તે જ ઇન્દ્રિયોથી પોતાનું અકલ્યાણ કરી નાખે છે. કોઈને એ જ ઇન્દ્રિયો સાધક છે, તો કોઈને એ જ ઇન્દ્રિયો બાધક છે.

મનુષ્યમાત્ર સાધક છે, ઇન્દ્રિયો તેનું સાધન છે. ગુરુદેવના માર્ગદર્શનમાં રહીને ઇન્દ્રિયોરૂપી સાધનોનો જે ઉપયોગ કરી જાણે છે તેના માટે એ કલ્યાણનું સાધન છે. જે સ્વચ્છંદી રીતે તે ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે તેના માટે તે ઇન્દ્રિયો અકલ્યાણકારી છે. દા.ત. :

એક મનુષ્ય પાસે ચપ્પુ છે. એનો ઉપયોગ એ બીજા મનુષ્યનું ખૂન કરવામાં કરે છે અને એના ફળસ્વરૂપ જેલમાં જાય છે. બીજા મનુષ્ય પાસે પણ ચપ્પુ છે. એ મનુષ્ય એનો ઉપયોગ શાકભાજી સમારવામાં અને બીજા ગૃહઉપયોગી કાર્યમાં કરે છે. અને ત્રીજો મનુષ્ય જે ડોક્ટર છે એની પાસે પણ ચપ્પુ છે. પરંતુ એનો ઉપયોગ એ દર્દીનું ઓપરેશન કરીને દર્દીને સુખ આપવામાં કરે છે.

ચપ્પુ ત્રણેય પાસે હતું. પરંતુ ત્રણેએ એનો ઉપયોગ અલગ અલગ કર્યો. ડોક્ટરે એનો ઉપયોગ અતિ ઉત્તમ કાર્ય માટે કર્યો એમ કહી શકાય. કારણ કે, એણે એના ગુરુ પાસેથી એનો સાચો ઉપયોગ શીખી લીધો હતો. ચાહે ગુરુ કહો, ઉસ્તાદ કહો કે યોગ્ય લાગે તે કહો. આજકાલ ગુરુ કહેતાં શરમ આવે છે. કેરી ખાવાથી કામ છે, ઝાડ ગણવાથી નહીં.

ડોક્ટર ગુરુ પાસેથી ડોક્ટરી વિદ્યા શીખ્યા. કેટલાં વર્ષો ગાળ્યાં, કેટલા મિત્રો-સ્નેહીઓની સહાયતા લીધી. છેવટ સુધી કેટલા ખંત અને ઉત્સાહથી અભ્યાસ કર્યો. દર મહિને ગુરુદક્ષિણા આપતા રહ્યા. ગુરુદક્ષિણાને ફી કહો તોપણ વાંધો નથી. આટઆટલું કર્યું ત્યારે અમુક વર્ષો બાદ ડોક્ટરી વિદ્યામાં પાસ થયા. અને જે કોઈ પરિક્ષામાં બેસે એ બધા જ કાંઈ થોડા પાસ થાય છે? કોઈ નાપાસ પણ થાય છે. એ જ રીતે વર્ષો સુધી ગુરુઆજ્ઞામાં રહીને ડોક્ટર, ચપ્પુનો કલ્યાણકારી ઉપયોગ શીખ્યા.

એ જ રીતે મુમુક્ષુ પણ ગુરુઆજ્ઞામાં વર્ષો સુધી રહીને પોતાના ઇન્દ્રિયરૂપી ચપ્પાનો કલ્યાણકારી ઉપયોગ કરી શકે છે, અને સ્વચ્છંદી મનુષ્ય એ જ ઇન્દ્રિયથી પોતાનું જ અકલ્યાણ કરી નાખે છે.

ગુરુ-પ્રાપ્તિ અહં-મુક્તિ

ગામડામાં 'નુગરો' શબ્દ ગાળ કહેવાય. નુગરો એટલે જેણે ગુરુ નથી કર્યા તે. જે માણસ નુગરો છે, એટલે કે જેનામાં શ્રદ્ધાનો દીપ પ્રગટ્યો જ નથી એ

અહમ્‌ના બોજા તળે સતત દબાયેલો જ રહે છે. માણસે પોતાના અહમ્‌નો બોજ હળવો કરી નાખવો જોઈએ. મનુષ્ય ફૂલ જેવો હળવો ક્યારે થાય? જ્યારે એનો અહમ્‌નો બોજ ઊતરી જાય ત્યારે. અને અહમ્‌નો બોજ ઊતરે ક્યારે? જ્યારે શ્રદ્ધાનો દીપક પ્રગટે ત્યારે. અને એ શ્રદ્ધાનો દીપક ક્યારે પ્રગટ્યો કહેવાય? જ્યારે એ કોઈ પણ સંતજનને પોતાના ગુરુ તરીકે મનમાં સ્થાપી દે ત્યારે. સંતોને કોઈના ગુરુ થવાની ઇચ્છા નથી હોતી, પરંતુ જિજ્ઞાસુ જીવને એવી ઇચ્છા હોય છે કે આપણે કોઈને ગુરુ બનાવીએ. ગુરુ એટલે કોઈ એક એવી શ્રદ્ધેય વ્યક્તિ, જેને આપણે આપણા મનમાં ગુરુ તરીકે નક્કી કરી લીધી હોય, જેની પાસે આપણે આપણો અહમ્‌ મૂકી શકીએ. અહમ્‌ સિવાય બધું મૂકી શકાય છે. અહમ્‌ મૂકવો મુશ્કેલ છે. અને અહમ્‌ મૂકી શકાય તો પછી બધું સહેલું છે. અહમ્‌ ના મુકાય ત્યાં સુધી હળવાપણું આવે નહીં, સતત કપાળની કરચલીઓ વળેલી ને વળેલી જ રહે. અહમ્‌ને મૂકી ના શકીએ તો આપણી સ્થિતિ પેલા ગાડીમાંના મુસાફર જેવી થાય, જેણે ગાડીમાં બેઠો હોવા છતાં પોતાનો સામાન માથા ઉપર રાખ્યો છે.

અહમ્‌નો બોજ એટલે 'હું' કંઈક કરી રહ્યો છું. અહમ્‌ કહેતાં 'હું'. એનો ભાર જીવનમાં એટલો બધો હોય છે કે જરા, મૃત્યુ અને રોગ અકાળે આવી જાય છે. એમાંથી મુક્ત થવું જોઈએ. એમાંથી મુક્ત થવા માટે કોઈ શ્રદ્ધેય વ્યક્તિને આપણે ગુરુપદે સ્થાપી દેવી જોઈએ.

અમુક પ્રકારનો અહમ્‌ ન રાખીએ તો આપણો વ્યવહાર ચાલે નહીં. રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદનો બધો અહમ્‌ ખલાસ ન થઈ જાય એનો ખ્યાલ રાખ્યો હતો અને કહ્યું હતું કે, "તારા અહમ્‌નો સંપૂર્ણ નાશ તો થવા જ નહીં દઉં, કેમકે તારી પાસેથી તો જગતના કલ્યાણનાં ઘણાં કાર્યો કરાવવાનાં છે. જેવી મારી સ્થિતિ થઈ એવી તારી પણ થઈ જાય તો તું પણ પરમહંસ થઈ જાય અને પરમહંસને તો કોઈની કંઈ પડી ના હોય; પોતાનું અને પારકું કલ્યાણ થાય તોય શું અને ના થાય તોય શું? તેથી જગતના કલ્યાણનું કામ તારાથી નહીં થાય." આ કારણે વિવેકાનંદના અમુક અહમ્‌નો નાશ એમણે નહોતો થવા દીધો.

પરંતુ અમુક એવી જગ્યા આવે કે, જ્યાં આપણે આપણો અહમ્‌ છોડી દઈએ છીએ. શા માટે? આપણા લાભ માટે, આપણા કલ્યાણ માટે. દિવસમાં એક વખત, મહિનામાં એક વખત કે વર્ષમાં એક વખત જ્યારે જ્યારે અહમ્‌ને છોડી દઈએ ત્યારે ત્યારે જ સાચો આરામ પ્રાપ્ત થાય. અને એવો આરામ પ્રાપ્ત જ ના થાય તો આ શરીર ક્યાં સુધી ચાલી શકે? સારામાં સારું ખાઓ-પીઓ, શરીર માટે બધું કરો, છતાં સાંજે થાકી જવાય છે. અને એ બધો થાક ક્યારે જાય છે? રાત્રે જ્યારે મીઠી ઊંઘ આવે ત્યારે. અને મીઠી ઊંઘ ક્યારે આવી કહેવાય? કાને સાંભળવાનું, નાકે સૂંઘવાનું, આંખે જોવાનું છોડી દીધું હોય, બધી ઇન્દ્રિયોથી જ્યારે મુક્ત થઈ ગયા હોઈએ ત્યારે સંપૂર્ણ આરામ મળે છે, અને સવારે ઊઠીએ ત્યારે સ્ફૂર્તિ અનુભવાય છે. પરંતુ આ બધું કરવા છતાં, જેને પરિપૂર્ણ આરામ કહેવામાં આવે છે એવો આરામ શરીરને ક્યારે મળે? જ્યારે અહમ્‌ને છોડે ત્યારે. પાંચ ઇન્દ્રિયો છૂટી જાય છે ત્યારે પણ અહમ્‌ તો હોય છે જ. તો એ અહમ્‌, આપણે આપણી જાતને જ્યારે કોઈ શ્રદ્ધેય વ્યક્તિને સમર્પિત કરી દઈએ છીએ ત્યારે છૂટે છે. ગુરુને તો ખબર પણ નથી હોતી કે એમને કોણ સમર્પિત થઈ રહ્યું છે; એમનો કોણ ચેલો છે? ગુરુદેવ તો એમની મસ્તીમાં મસ્ત હોય છે; સંપૂર્ણ અહમ્‌ મુક્ત હોય છે.

આપણે આપણા લાભ માટે, આપણા અહમ્‌ના બોજમાંથી મુક્ત થવા માટે, જે યોગ્ય લાગે તે વ્યક્તિને ગુરુ તરીકે સ્વીકારીએ. એ સ્વીકાર એટલા માટે કરવાનો છે, જેથી આપણે આપણો અહમ્‌ એમના ચરણમાં છોડી શકીએ. આપણી આર્યસંસ્કૃતિમાં, ઋષિસંસ્કૃતિમાં ગુરુ ના હોય એ લાંછન ગણાતું; ગુરુ ના હોય એની પાસે કોઈ જતું નહીં, એનો કોઈ વિશ્વાસ કરતું નહીં.

એક દીપસે જલે દૂસરા

એક દીપસે જલે દૂસરા,
ઉજિયાલા ચહુ ઔર;
ભેદ ન પાયે જલે હુએ મેં,
પહેલા દૂસરા કૌન?

જ્યારે એક દીવાથી બીજો પ્રગટાવીએ, અને એ ક્રમ મુજબ, બીજાથી ત્રીજો એમ ઘણા બધા દીપકો પ્રગટાવીએ, તો એ બધા દીપકોને પ્રગટાવનાર મુખ્ય એક દીપક-દીવો હતો. પરંતુ પ્રગટી ગયા પછી એકથી બીજો થયો - બીજો પ્રગટ્યો. પ્રથમ દીપક જેવો જ પ્રકાશ બીજા દીપકોથી પણ થવા લાગ્યો.

આ રીતે પ્રગટતા બીજા દીપકો ઉપર બહારથી આવનાર વ્યક્તિની નજર પડે, તો એને એ ખ્યાલ ના આવે કે આટલાબધા દીવાઓ પ્રકાશી રહ્યા છે એ કોને આભારી છે? એમને પ્રગટાવનાર કોણ? કયો દીપક સૌથી પહેલો પ્રકાશિત થયો? બહારથી આવનારને 'પ્રગટનાર દીપક' અને 'પ્રગટાવનાર દીપક' કોણ એનો ખ્યાલ નથી આવતો. પરંતુ અંદરોઅંદર પ્રગટાવનાર અને પ્રગટનાર એકબીજાને જાણતા હોય છે. પોત કોનાથી પ્રકાશિત થયો છે એનો ખ્યાલ પ્રકાશિત થનારને હોય છે અને એ પ્રગટાવનાર જેને પ્રગટાવે છે એ પણ બીજાને પ્રગટાવી શકે એટલો શક્તિશાળી થાય છે. એ પ્રકાશિત થાય છે એટલું જ નહીં, પરંતુ, એ પ્રકાશિત થતાં જ બીજાને પ્રકાશિત કરવાને શક્તિમાન બની જાય છે.

લોઢાને પારસમણિનો સ્પર્શ થાય તો લોઢામાંથી સોનું થાય. પરંતુ આ રીતે, પારસમણિના સ્પર્શથી લોઢામાંથી બનેલું સોનું બીજા લોઢાને સોનું બનાવી ના શકે. માત્ર પારસમણિનો સ્પર્શ કરનાર જ પારસમણિ થઈ જાય. એ શક્ય બને ગુરુસંતોના સતત પરિચયમાં રહેવાથી. ગુરુ-સંતોના ચરણોમાં બેસનારને ગુરુ-સંતોની કૃપા પ્રાપ્ત થાય છે ત્યારે, તે પોતે પણ ગુરુ-સંત બનવાની દિશામાં આગળ વધવા માંડે છે. એ પણ ગુરુત્વ પ્રાપ્ત કરવાના પથ ઉપર ચઢી જાય છે. ગુરુત્વના પથ ઉપર ક્યારે ચઢી શકાય? જ્યારે ગુરુની કૃપા પ્રાપ્ત થાય ત્યારે. એ કૃપાના બળથી એવું જ્ઞાન પ્રાપ્ત થાય કે ગુરુ એટલે શું, ગુરુતત્ત્વ એટલે શું, એ બધું સારી રીતે સમજી શકાય. ગુરુજ્ઞાન પ્રાપ્ત થયા પછી કશામાં નુકસાની દેખાય જ નહીં. અને જ્યાં નુકસાની દેખાતી નથી ત્યાં શાંતિનું સામ્રાજ્ય છે. ગુરુજ્ઞાન દૃઢ થાય છે ત્યારે ધ્યાનની દિશામાં આગળ વધતાં વધતાં સમાધાનવૃત્તિ પ્રાપ્ત કરી લેવાય છે અને સમાધાનવૃત્તિ દ્વારા અવિચળ શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

આ વાત થઈ, જે શિષ્ય ગુરુના સાંનિધ્યમાં રહે છે એની. પરંતુ, જે શિષ્યે ગુરુને જોયા પણ ના હોય, પણ એમના સાહિત્ય દ્વારા ઉપદેશ ગ્રહણ કરી એ ગુરુનો બની જાય, તો એ પણ પારસમણિ થઈ જાય છે.

આમ, પ્રથમ છે પ્રગટાવનાર; જેને લીધે બીજા પ્રકાશી રહ્યા છે. આ રીતે પ્રકાશી રહેલા સર્વ શિષ્યોનું-જિજ્ઞાસુઓનું કલ્યાણ થઈ જાય છે. અને એમનું કલ્યાણ થઈ ગયું છે એ કોઈ બહારની વ્યક્તિને ખબર પડતી નથી. કલ્યાણ જેના દ્વારા થયું અને જેનું થયું - એ બે સિવાય આ વિષે બીજા બધા અજ્ઞાત હોય છે. દીપક અર્થાત્ જિજ્ઞાસુ અર્થાત્ શિષ્ય જ એ જાણતો હોય છે કે એ જે સમાધાનવૃત્તિનો અધિકારી બન્યો છે એ કોને આભારી છે. અસ્તુ.

• દુનિયાની કોઈ તાકાત લઘુને ગુરુ બનતાં રોકી નહીં શકે. લઘુ, ગુરુ બનીને જ રહેશે.

• જે બુદ્ધિ સમર્પિત થઈને રહે છે તે જ બુદ્ધિની બુદ્ધિમાની છે. ગુરુજનો અને સંતજનોના ચરણોમાં બુદ્ધિપૂર્વક નિર્બુદ્ધિ થઈને બેસવું એ જ બુદ્ધિમાનપણું છે.

• જે ગૃહે ગુરુ બિરાજે હકે, રાહુ-કેતુ તેનું શું બગાડી શકે?

• ગુરુમાં જે માને છે એને તો ગુરુ છે જ, પણ જે ગુરુમાં નથી માનતા તેને પણ ગુરુ છે એવું જે સાબિત કરી આપે તે સદ્‌ગુરુ છે.

• પૃથ્વીની જેમ ગુરુસંતોમાં બધા જ રસ છે. જેને જે રસ જોઈએ તેને તે, તેવો પ્રયત્ન કરીને પ્રાપ્ત કરી લે છે.

• સંત એટલે જગત આખાનો મરજિયાત દેણદાર. જે લેવામાં નહીં પણ દેવામાં જ આનંદ માણે છે.

("ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર)

આપણે પરિસ્થિતિને અનુકૂળ થવાનું છે. – યોગભિક્ષુ

ગંભીર બીમારીને કારણે હોસ્પિટલમાં સાત દિવસ રહીને હરીશભાઈ ઘરે આવ્યા ત્યારે ઘરમાં સૌ રસોડામાં જમતાં જમતાં આરોગ્યના નિયમો વિષે પોતપોતાની માન્યતા વ્યક્ત કરતાં હતાં.

ભારતીબહેન કહે :

હું સુરેન્દ્રનગર જાઉં ત્યારે મીનાબેનને ખાસ કહું કે, "જમતી વખતે ભોજન-થાળીમાં જે કાંઈ ભોજન આવ્યું હોય તે ચલાવી લેવાની ટેવથી મન શાંત અને તન તંદરસ્ત રહે છે. ક્યારેક મારાથી રસોઈ ખારી-મોળી કે પ્રતિકૂળ થઈ ગઈ હોય, તોય મારા કાકાજી (યોગભિક્ષુજી) કાંઈ જ ટીકા-ટિપ્પણી ન કરે અને પ્રસન્નતાથી જમી લે. સૌ જો આવો સ્વભાવ કેળવે તો જીવનમાં ખૂબ શાંતિ રહે."

ઉપરોક્ત બધું હું બીજા રૂમમાં બેઠો બેઠો સાંભળતો હતો. તેથી મને પણ આ બાબતમાં પ્રેરક-પૂરક બે શબ્દો કહેવાની ઇચ્છા થઈ. તેથી હું પણ રસોડામાં ગયો અને એ વાત આગળ ચલાવી :

"ભારતીબેન સાચું જ કહે છે. ભાવશે, ફાવશે અને ચાલશે એવો સ્વભાવ જો કેળવાઈ જાય, તો આખું જીવન ખૂબ હળવાશથી જીવી જવાય છે. "योगः कर्मसु कौशलम्." જીવનમાં પગલે પગલે કુશળતાની જરૂરત પડે છે. જેમકે, શાક સહેજ ખારું થઈ ગયું હોય તો તેમાં બે-ત્રણ ચમચી છાશ યા પાણી અને કટકી ગોળ નાખીએ એટલે ખારાશ ચાલી જાય; ગળ્યું થઈ ગયું હોય તો ચપટી મીઠું અને બે-ત્રણ ચમચી છાશ યા પાણી ભેળવી દઈએ એટલે કામ ચાલ્યું; તીખું થઈ ગયું હોય તો શાકમાં છાશ યા પાણી, ચપટી મીઠું અને કટકી ગોળ નાખીને રોટલી કે ભાખરી તેમાં ચોળી નાખીએ એટલે સ્વાદિષ્ટ નવી વાનગી તૈયાર; શાક વધુ રસાદાર લાગતું હોય તો શાકનો રસો ચમચીથી પહેલાં પી જઈએ એટલે શાક કોરું; અને જો કોરું લાગતું હોય તો છાશ, મીઠું અને ગોળ તેને રસાદાર બનાવી દે."

"રોજ રસોઈ બનાવનારાથી ક્યારેક ભૂલ પણ થઈ જાય તે સાવ સામાન્ય બાબત છે. તેણે જાણીજોઈને તો ભૂલ નથી કરી તે પણ આપણે જાણીએ જ છીએ. છતાંય રસોઈ જરાક વધારે ખારી-મોળી, ખાટી-તીખી થઈ જાય તેથી આપણું મન-મગજ પણ ખારું-મોળું, ખાટું કે તીખું થઈ જાય એથી કેટલું મોટું નુકશાન વેઠવું પડે? મન-મગજ ખારું-ખાટું કરવાથી કાંઈ દાળ-શાકમાં ફરક પડવાનો નથી. આવી આપણી નાદાનિયત-મૂર્ખતા-જડતા-અજ્ઞાનતા-અહંકારિતા પર જો કાબૂ ના રાખીએ, તો આપણું અને આપણા પરિવારનું જીવન કેટલું બધું અશાંત અને વેરવિખેર થઈ જાય? માટે પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની કુશળતા પ્રાપ્ત કરી લેવી જોઈએ. તો હર હાલતમાં આપણે અખંડ આનંદમાં રહી શકીશું."

ઉપર શાક તો માત્ર દૃષ્ટાંતરૂપે છે. જીવનને પણ ખારું-મોળું-તીખું-ગળ્યું-કોરું-રસાદાર - જ્યારે જેવી જરૂરત પડે ત્યારે તેવું - બનાવી લેવું-બનાવી દેવું તે આપણા હાથની વાત છે, તે આપણી કુશળતાની કરામત છે. એક થોડી એવી કુશળતા આપણું, આપણા પરિવારનું અને આપણા આખા સમાજનું જીવન સુખશાંતિથી ભર્યુંભર્યું અને મઘમઘતું કરી મૂકે છે. આવી કુશળતા આચરવાની ટેવથી મગજ દિનોદિન ખૂબ કસાતું જાય છે અને વધુ ને વધુ કુશળતા આચરવાની ક્ષમતાવાળું થતું જાય છે.

એક સાધારણશી ઉપરોક્ત બાબતને નિમિત્ત બનાવીને જીવનની સુખ-શાંતિની પ્રાપ્તિ સુધી લંબાવી દેવી એ પણ મગજની એક કુશળતાનું જ પરિણામ છે.

એ રહસ્ય બરાબર કસકસાવીને ગાંઠે બાંધવાનું છે કે, પરિસ્થિતિને આપણે આપણી અનુકૂળ વર્તાવી શકવાના નથી, પણ આપણે પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાનું છે. આ રહસ્યને પણ પૂર્ણપણે તાત્ત્વિક રીતે સમજવા માટે પણ કુશળતાની જરૂરત પડશે.

પ્રેરણાદાયી પત્ર

("મૃતસંજીવની" પુસ્તક વિષેનો અભિપ્રાય)

કે. સી. શાહ
અમેરિકા

પ.પૂ. પ્રાતઃસ્મરણીય, પરમ શ્રદ્ધેય પૂ. ગુરુદેવ,

સાદર સાષ્ટાંગ પ્રણામ.

આપશ્રીના અનંત ઔદાર્યે "મૃતસંજીવની" પુસ્તક સુપ્રાપ્ત થયું. આનંદ...

પુસ્તકના પૃષ્ઠે આપશ્રીનો ફોટો (ચિત્ર) જોઈ અત્યંત પ્રભાવી થયો-થયાં. પરંતુ ચિત્ર કરતાં અંતઃનજરે 'ચરિત્ર-દર્શન' થયું, ત્યારે મનોવિહારે હૈયું સ્વૈરવિહાર કરતાં કરતાં સ્થળ-કાળે નિર્બાધિત થઈ પરમોચ્ચ આનંદ ક્યાં અને કેવું અનુભવિત થયું - જેને માટે ભાષા અપૂરતી છે, પણ ભાવ ભરતી સાગર સમ છે. પૂજ્યશ્રી, શું કહું? શું લખું?- કારણ ભાવ-ભાવના આગળ ભાષા-શબ્દો બધું જ પંગુ-પાંગળું છે. આપશ્રી જેવા આત્મદર્શી જ જાણી-સમજી અને અનુભવી શકે.

હા, હવે 'પત્રસૃષ્ટિ(દૃષ્ટિ)'નું પરિશીલન કરતાં અનુભવ્યું કે, આપશ્રી એ દ્વારા જીવન-કવનથી જે શ્રેય - સાધક સૃષ્ટિ (નિમિત્ત માત્ર બની) રચી, તૈયાર કરી તે માટે લાભાન્વિત વર્ગ તો મહાભાગ્યશાળી બનશે જ, પરંતુ, પરમ પિતાના શુભાશિષ વર્ષશે જ. કારણ આપશ્રી પ્રભુકાર્ય, દૈવી કાર્ય અને સાંપ્રત કાળને-સમાજને અત્યંત અનિવાર્ય એવું પાવન કાર્ય કરો છો. જે 'પુસ્તક'ને આપેલ શીર્ષકને સચોટ અને નક્કર રીતે બંધબેસતું છે.

આપશ્રીની પત્રસૃષ્ટિમાં -

(અ) આપશ્રીના પત્રો-ઉત્તરો લાભદાયી, સુખાકારી અને પ્રેરણાદાયી છે. દા.ત. (૧) મરી ગયેલ આપણું કાંઈ પણ લઈ જતું નથી, ઊલટું ઘણું બધું આપી-મૂકી જાય છે. (૨) 'મહાવીર'ના પર્વના આધ્યાત્મિક અને ઊર્ધ્વગામી વિચારો, શુકન-અપશુકન અંગેના સ્પષ્ટ અને સચોટ ઉત્તરો; સુખ-દુઃખને જોવાની, સહન કરવાની અને સમજાવવાની વિવેકી-વિધાયક દૃષ્ટિ. (૩) દેવ-દાનવ-માનવ, આત્મા-મહાત્મા-પરમાત્મા-દુષ્ટાત્માની સમજ, પૂર્વજન્મ-પૂર્વજીવન માટેની સમજ; સુખ-દુઃખ શું અને કેવું છે એ વિધાયક દૃષ્ટિકોણનાં દર્શન. (૪) યુવાવર્ગને શીખ-સમજ અને સક્રિય કરવા - જીવનધ્યેયનું દર્શન, જે આજે ખૂબ જ અનિવાર્ય છે. (૫) યોગ-સંયમ-આત્મત્વની ઓળખ, તેનું આચરણ વગેરે. (૬) ચિંતન-કણિકાઓમાં દરેક વિષે શ્રેય-સાધકદૃષ્ટિએ વર્ણન. (૭) અમેરિકાના રહેઠાણ દરમ્યાન આપશ્રીના અનુભવો, અનેક પ્રકારની વ્યક્તિઓ-સ્થળોનું જ્ઞાન-ભાવદર્શન - મુમુક્ષુઓની પ્યાસ બુઝાવે તેવું... (૮) 'ઓમ્-જપ-તપ-સાધના અને પ્રભુમાં' - એકસો દશ ટકા, સતત-નિરંતર-અસીમ વિશ્વાસ; ઘણાં પ્રયોગો-શિબિરોથી અનુભવજન્ય કરી (પણ) બતાવ્યું. 'દુઃખની દવા મનનું સમાધાન' - લાજવાબ ઉત્તર, ધન્ય... 'કૃપા'ની બલિહારી - અનુભવજન્ય, બીજા (સ્થૂળ-ભૌતિકલોક અને દૃષ્ટિવાળા) શું જાણે??? (૯) પ્રભુ અને પ્રભુના પરમ ભક્તને ભેદ હોય જ નહીં; ગુજરાતી કે અંગ્રેજી જ્ઞાની કે અજ્ઞાની તેને (આપશ્રીને) મન અભેદ, અભેદ અને અભેદત્વ જ. (પાન ૧ થી પર)

(બ) આપશ્રીના જીવનજાગૃતિ, ઊર્ધ્વગામી અને પ્રેરણાદાયી કવનસૃષ્ટિનાં પરાગોઃ (૧) પુસ્તકો - જેમાં નૂતન પેઢીને-સમાજને અને સાંપ્રત સમય-કાળને નવીન વિચાર-જાગૃતિથી સજાગ-સભાન કરે છે - ભૌતિકતાથી આધ્યાત્મિકતાનું લક્ષ્ય સહિત દિશાસૂચન કરે છે, કરાવે છે. આપશ્રીના મિશાલ - માનવકલ્યાણ, સમાજ-ઉત્થાન અને વિશ્વશાંતિની મશાલ - પ્રબોધક છે; જે પ્રભુને પણ ગમે છે, માટે તો દિનોદિન અગ્રેસર બઢતી-બઢતી-બઢતી જ જાય છે. (૨) સુજ્ઞ, સંન્યસ્ત, સંસ્કારી, સદાચારી વર્ગના (આપશ્રીના કવન અને અનુષ્ઠાનો માટે) પ્રતિભાવ-પ્રતિભાવો-શરદપૂર્ણિમાની જેમ અને વસંતઋતુની જેમ પૂર્ણ પ્રકાશીને પૂર્ણ પરિમલિત ઊઠે છે. કારણ; આ બધાની નીવમાં 'પૂર્ણ' જ છે, અપૂર્ણ નથી. જેને લાગે તે તેનું પ્રારબ્ધ. 'શિબિરો' નો પ્રતિભાવ (મને) જાદુઈ લાગ્યો. કારણ; શિબિરાર્થીઓ સ્વાનુભવે પૂજ્ય, પરમ અને પૂર્ણ ગુરુની નિશ્રામાં રહી આત્મોન્નતિ અને જીવન-શિક્ષણના પાઠો શીખે છે, તૈયાર કરે છે; જેમાં પોતાનાં હોંશ,

જ્ઞાતવિશ્વાસ અને પૂજ્ય ગુરુશ્રીનો અનહદ પ્રેમ તેઓશ્રીની (આપશ્રીની) કાર્યાનુભવે કાર્ય પાર પાડવાની ત્રેવડ... મને તો લાગે છે કે, આપશ્રી દેહ (સ્થૂળ) સ્વરૂપે છો પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ અંતરાત્મા (જ) કરાવી - પ્રેરણા આપી રહ્યો છે. થોડામાં ઘણું..

(ક) આપશ્રી દ્વારા પ્રકાશિત 'પુસ્તકો' સમજુ અને સંસ્કારી વર્ગ માટે આવકાર્ય-આશીર્વાદરૂપ. દા.ત. "નિર્ઝર ઝર્યું કો ગેબથી" - સરળ, સહજ અને સુપાચ્ય. "મારે સમાજને બેઠો કરવો છે" (મારી પાસે નથી, શક્ય હોય તો...) આ પુસ્તકમાં જ આપશ્રીએ (૧) 'સમાજોત્થાન'ની તાતી જરૂરને લાલબત્તી ધરી છે. (૨) જે કાર્યને સાકાર બનાવવા આપશ્રીનો ધમધમાટ-થનગનાટ સુવ્યક્ત કર્યો છે.

(ડ) પુસ્તકોને મળેલ આશિષો-અભિપ્રાયો - જે વિચારકાર્ય પૂજ્ય યોગી, સાચા સંત અને દિવ્યદ્રષ્ટા જેવા હાથ ધરે તેમાં કોઈ ક્ષતિ-કમી હોઈ જ શકે નહીં. પૂર્ણની પૂર્ણતા જ, ગુરુની ગુરુતા જ કાર્ય કરે છે. તેઓશ્રીનું કોઈ પણ કર્મ ભાવ-ભાવના-ભક્તિને શુભાદેશ્ય (જ) હોય છે. કારણ; સંત-સદ્‌ગુરુ તો પ્રભુના જ પ્રતિનિધિ છે. જે સત્યં, શિવં અને સુંદરમ્ હોય. અપૂર્ણ લાગે - દેખાય તે તેનો (જ) દોષ.

પત્રસૃષ્ટિ → વૃષ્ટિ-તુષ્ટિ-પુષ્ટિ-વ્યષ્ટિને ઉઠાવનારી, જાગૃત કરનારી અને ધ્યેય હાંસલ કરનારી બની રહો. નાદ-બ્રહ્મની મસ્તીમાં રમમાણ, છતાં સાકાર સૃષ્ટિના શ્રેય સાધક. પ્રભુ આપશ્રીને, હાથ ધરેલ કાર્ય-લક્ષ્ય-સિધ્ધિ અર્થે નિરામય દીર્ઘાયુ અર્પે-બક્ષે...

તા.ક. :- ભાવોર્મિએ જે કાંઈ ખોટું-વત્તું-અનિચ્છનીય લખાયું હોય તો ગુરુભાવે ક્ષમા આપશો અને યથાયોગ્ય માર્ગદર્શન કરોશોજી.

લિ. આપના હિતેચ્છુ,
કૃષ્ણદાસ તથા સર્જુન શાહ

મર્યાદા લોપ્યે, બ્રહ્મચારી કોપે.... – પ્રવીણભાઈ શાહ

પૂ. શ્રી ગુરુદેવરચિત ક્રાંતિકારી ગરબા અને માર્મિક ભજનો એક રીતે જોવા જઈએ તો મુમુક્ષુઓ માટે, સાધકો માટે કલ્યાણમાર્ગમાં જેમને આગળ વધવાની રુચિ છે તેમના માટે મહામૂલું ભાથું છે. એક નિશ્ચિત મુકામે પહોંચવા માટે મુસાફરે પોતાની સાથે ભાથું અને ગાંઠે પૈસા રાખવા પડે છે. રસ્તામાં જરૂર પડ્યે તેનો ઉપયોગ કરી લે અને ફરી પાછો આગળ વધવા માંડે. એ રીતે સાધકને પણ પોતાના શ્રધ્ધેય ગુરુ-સંતોની આગમ વાણીનો ઉપયોગ રસ્તામાં કરવો પડે એવું ક્યારેક ક્યારેક બનતું હોય છે.

લોટરી માંગે હનુમાન પાસે, સંયમમાં પ્રીત નવ રાખે,
મર્યાદા લોપ્યે, બ્રહ્મચારી કોપે, પૂંછડાની ઝાપટ નાખે.
માનવી પોતાથી છેતરાયે; માનવી પોતાથી છેતરાયે.

આપણે હનુમાનજીની પૂજા કરતા હોઈએ, શનિવારે કરીએ, હનુમાનજીને તેલ-સિંદૂર ચઢાવીએ, શ્રીફળ મૂકીએ કે જેને જે રીતે અનુકૂળતા હોય તે રીતે તેમની સેવા-પૂજા-અર્ચના કરીએ, અને એમ કરતાં પોતાની મનોકામના પૂરી થાય - ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય કે કોઈક વિઘ્ન હોય તો દૂર થાય. મુખ્યતઃ આપના સૌનો આવો સાચો ભાવ હોય છે.

હવે આ વાતને આપણે જરા જુદી રીતે સમજીએ. પૂ. શ્રીનાં પુસ્તકોમાંથી અને સત્સંગમાં અવારનવાર આપણે કેટલીક વાતો સાંભળીએ છીએ તેને સંકલિત કરીને બરાબર ગોઠવીને વિચારીએ તો હનુમાનજીની પૂજા એટલે શું તેનો મર્મ સમજાશે.

આપણે દરરોજ ખોરાક લઈએ છીએ. આખા દિવસ દરમ્યાન જે કંઈ ખાઈએ પીએ છીએ તેનું શરીરમાં પાચન થઈને ક્રમશઃ રસ, રક્ત, મજ્જા, મેદ, માંસ, અસ્થિ અને વીર્ય એમ સપ્તધાતુમાં રૂપાંતર થાય છે. આખા એક મહિના દરમ્યાન જે આહાર લીધો તેનું એક મહિના પછી રજ-વીર્યમાં રૂપાંતર થયું. આખા એક મહિના દરમ્યાન જે કંઈ ખોરાક લઈએ છીએ તેમાંથી અતિ અલ્પ માત્રામાં વીર્ય બને છે. આખા મહિનાના આહારના મોટા જથ્થામાંથી જેટલું વીર્ય

ઉત્પન્ન થાય છે તે બધું એક વખતના વીર્યપાતથી નાશ થઈ જાય છે. આથી હવે આપણને ખબર પડવી જોઈએ કે વીર્યના એક બુંદ-બિંદુની કેટલી કિંમત છે? શરીરમાં રહેલાં રજો-વીર્ય દ્વારા જ શરીરમાં ઉત્સાહ, બળ, તાકાત, તંદુરસ્તી, સ્ફૂર્તિ અને આનંદ રહેલાં છે.

જેઓને સાધના કરવી છે, કલ્યાણ માર્ગમાં આગળ વધવાની રુચિ છે તેમના માટે આ વીર્યનો સંગ્રહ કરવો અતિ આવશ્યક છે. કારણ કે, વીર્યનું પછી ઓજ-તેજ-પ્રાણમાં રૂપાંતર થાય છે. વીર્ય પરિપક્વ થાય છે ત્યારે તેનું "ઓજસ" બને છે. મંત્રજાપ દ્વારા ઊર્ધ્વરેતસ્‌ની સાધના કરતાં કરતાં વીર્યનું ઓજમાં કેવી રીતે રૂપાંતર થાય છે તે વાત પૂ. શ્રી ગુરુદેવના શબ્દોમાં સમજીએ.

જેઓ ઊર્ધ્વરેતાની સિદ્ધિને પ્રાપ્ત કરીને સિદ્ધ થઈ ગયા છે તેઓ કોઈ પણ પ્રકારના રહસ્યમય ઢંગથી સાધકને-મુમુક્ષુને ઊર્ધ્વરેતા બનાવીને કલ્યાણમાર્ગમાં અગ્રેસર બનાવી દે છે. તેઓ આપણા કલ્યાણનો કયો ઉપાય ક્યારે કરશે તે કેવળ તેઓ જ જાણતા હોય છે. શાસ્ત્રસંમત મિત આહારવિહારનું પાલન કરતા રહીને સિદ્ધ પુરુષના સાંનિધ્યનો મહદ્‌ લાભ લેતા રહીને બિંદુજયી બનવું કઠિન નથી.

કોઈ પણ મંત્રનો વાચિક જપ દીર્ઘ ઉચ્ચાર સાથે કરવો જોઈએ. વીસેક સેકન્ડ સુધી મંત્રોચ્ચાર લંબાય તો સારું. એ રીતે મંત્રનો પ્રારંભ થતાંની સાથે જ ઉડ્ડયાનબંધ અને મૂલબંધ લાગવાનું અનાયાસે જ શરૂ થઈ જાય છે. મંત્ર પૂરા થતાં સુધીમાં ઉપરોક્ત બંને બંધો સંપૂર્ણ લાગી જાય છે. મૂલબંધ દ્વારા જેમ જેમ પ્રાણ બ્રહ્મરંધ્ર તરફ જવા લાગે છે તેમ તેમ બિંદુ પણ ઉપરની તરફ આકર્ષિત થવા લાગે છે. મૂલબંધ અને ઉડ્ડયાન બંધ સાચી રીતે લાગવાથી વીર્યવહા નાડીઓ ઉપર એક એવું રહસ્યમય દબાણ પડે છે કે જે નીચેના છેડાઓથી ઉપરની બાજુ વધતું જાય છે, જેથી બિંદુ ક્રમિક ગતિથી મસ્તક તરફ જવા લાગે છે. મંત્રોચ્ચાર ચાલતો હોય એટલે સ્વરતંત્રિકાઓમાં જે કંપન થાય તે વીર્યવહા તંતુઓ સુધી પહોંચી જાય છે જેના કારણે વીર્યનો અમુક અંશ ઓજ-વિદ્યુતમાં પરિવર્તિત થઈ જાય છે. આટલો વીર્યાંશ હવે અધોગામી સીમાની બહાર થઈ જાય છે. મંત્રોચ્ચાર પૂરો થાય છે ત્યારે શ્વાસ લેવાનો થોડો સમય મળી રહે છે. વીર્યવહા તંતુઓ ઉપર જે દબાણ પડ્યું હતું તે, તે વખતે ઓછું થવાથી તંતુઓ ઝડપથી ઢીલા પડે છે. અને જે વીર્યાંશ ઓજ-વિદ્યુતમાં પરિવર્તિત થયું હતું તે આ દરમ્યાન તીવ્ર ઝડપથી ઉપરની બાજુ ફેંકાય છે. પાણીનો સ્વભાવ છે નીચે વહેવાનો અને ઓજ-વિદ્યુતનો સ્વભાવ છે ઉપર જવાનો. આ રીતે વીર્યને ઓજ-વિદ્યુતમાં પરિવર્તિત કરીને ઊર્ધ્વગતિ કરાવી શકાય છે.

સાધકને આ બધી વાતોથી સમજાશે કે બ્રહ્મચર્યનું કેટલું મોટું મહત્ત્વ છે. હનુમાનજી તો સાક્ષાત્‌ પરમ બ્રહ્મચારી વિભૂતી છે. એમની પૂજાના બદલામાં એમની પાસે લોટરી માગવી એ તો કાંચનના બદલામાં કાચ માગવા બરાબર છે.

પૂ. શ્રીએ ભજનમાં જે લોટરી શબ્દ વાપર્યો છે તે પણ સમજવા જેવો છે. લોટરી એટલે (Jack-pot) અઢળક સંપત્તિ. એટલી બધી સંપત્તિ કે ફરી બીજી વખત કોઈની પાસે માગવી ના પડે એટલી દોલત. એટલું બધું સુખ કે તેની તુલનામાં બીજાં બધાં સુખો ફિક્કાં લાગે. એવું સુખ અને એટલું સુખ કે પછી દુઃખ આવવાનો પ્રસંગ જ ના બને. સંપૂર્ણ સમાધાન થઈ જાય.

આપણે કાયમ ગુરુ-સંતોના ચરણોમાં બેસતા હોઈએ, સ્વાધ્યાય, સત્સંગ-સાધન-ભજન વગેરે કરતા હોઈએ, પણ આપણો જીવનવ્યવહાર જ જો તદ્દન વિપરીત હોય તો? મર્યાદા લોપ્યે બ્રહ્મચારી કોપે, પૂંછડાની ઝાપટ નાખે. આધિ-વ્યાધિ અને ઉપાધિના ચક્કરમાંથી ભાગ્યે જ બચી શકે.

પરમ કૃપાળુ ઓમ્‌ પરમાત્માની કૃપાથી અને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અહૈતુકી કૃપાથી ઓમ્‌ પરિવારનાં ગુરુપ્રેમી ભક્તો કલ્યાણમાર્ગમાં સતત આગળ વધી જ રહ્યાં છે. અને ક્યાંક કોઈક ભટકી જાય નહીં તે માટે આવાં ભજનોની માર્મિક ટકોર આપણને સાવધાન કરી દે છે.

તો ઉપરની વાતોને નજર સમક્ષ રાખીને આપણે આપણો જીવનવ્યવહાર ગોઠવીએ, તો હનુમાનજી પણ રાજી રહે, આપણા ગુરુસંતોની કૃપા આપણી ઉપર વરસતી રહે અને આપણે પોતે પણ પરમ સુખશાંતિનો અનુભવ કરી શકીએ.

વિશ્વશાંતિ તમારા ચરણોમાં

પોતાના રજ-વીર્યથી ઉત્પન્ન સંતાનને જ મનુષ્ય પોતાનું સંતાન સમજે છે, પણ તે તેની એક મહા ભ્રમણા છે.મનુષ્ય જે કાંઈ ખાય-પીએ છે તેમાંથી તેનું રજ-વીર્ય બને છે. ખાવા પીવાના બધા જ પદાર્થો સર્વને કુદરત તરફથી મળે છે, માટે પોતાનાં અને પારકાં તમામ સંતાનો માત્ર કુદરતનાં જ - માત્ર પરમાત્માનાં જ - માત્ર રજ-વીર્યનાં જ છે, અને તેથી જેને પારકાં સંતાનો માનીએ છીએ તેઓ બધાં પણ આપણાં જ સંતાનો છે.

જો ઉપરોક્ત ગુપ્ત રહસ્ય મનુષ્ય જાણે-માને, તો વિશ્વશાંતિ તેના ચરણોમાં આળોટતી થઈ જાય.

– યોગભિક્ષુ

શ્રી સદ્‌ગુરુની ટકોર

(શ્રી ચંપકભાઈ ટંડેલનો પ્રેરણાદાયી પત્ર) તા. ૨૯-૧૦-૨૦૦૪

- ટકોર સાચા જ્ઞાનની
- ટકોર સાચા સંયમની
- ટકોર સાચી સમજણની
- ટકોર સાચા પ્રેમભાવની
- ટકોર સાચા વ્યવહારની
- ટકોર સારા વિચારની
- ટકોર સાચા કામની
- ટકોર સાચા પહેરવેશની
- ટકોર સત્ય બોલવાની-લખવાની
- ટકોર સદ્‌ગુરુના સૂચનોના પાલનની
- ટકોર સંત-મહાત્માના પૂજ્યભાવની
- ટકોર ગુરુજનોના આદર સન્માનની
- ટકોર માતાપિતાની સેવાની
- ટકોર વડીલોની માનમર્યાદાની
- ટકોર સંતાનોને ધાર્મિક કાર્યોમાં પરોવવાની
- ટકોર ખાવાપીવાની અને આરોગ્યની સંભાળની
- ટકોર આપણાથી બીજાને તકલીફ ન પડે તેની

આવી તો કંઈ-કેટલીય ટકોર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને કરી હશે. પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની ટકોરથી જ આપણામાં રહેલી ખામીઓ ગભરાઈને ભાગવા માંડે છે અને તેથી જ શ્રી સદ્‌ગુરુની ટકોરથી "ઓમ્ પરમાત્મા" ના શ્રી ચરણોમાં પહોંચવા માટેનો માર્ગ મોકળો અને મોકળો જ બનતો જાય છે.

જયનારાયણ,

પ્રણામ ગુરુદેવ.

પ્રેરણાદાયી પત્રાંશ

(૧)

જીવનસ્મૃતિ

તંત્રી : મનુ પંડિત

તા. ૧૮-૦૭-૦૪

પરમ આદરણીય આચાર્યશ્રી,

ગઈ કાલે ૧૭મી તારીખે "મૃતસંજીવની"ની એક પ્રત, આપના પ્રેમાશિષ સાથેની મળી. સાથે ગુરુપ્રસાદ પણ મળ્યો. ગઈ કાલે નિરાંત હોવાથી આખું પુસ્તક જોઈ ગયો. ભાવહૃદયોના ઉદ્‌ગારો જ સંજીવનીનો સ્પર્શ કરાવી જાય છે, જો વાચકના દિલમાં જિજ્ઞાસુ ભાવ હોય તો. આ નિમિત્તે આપના સાહિત્યમાં પત્રસાહિત્યનો એકનો ઉમેરો થશે. પૂ. સંતબાલજીની જન્મશતાબ્દિ ચાલી રહી છે. ઑગસ્ટ-બળેવે પૂર્ણ થશે, ત્યારે અમે પણ તેમનાં ૧૦૦ જેટલાં પત્ર-સંસ્મરણો પ્રગટ કરવાની તૈયારી કરી છે.

(૨)

કાન્તિ દેસાઈ

તા. ૨૪-૦૬-૦૪

પરમ આદરણીય પૂ. યોગભિક્ષુજી...

આપ સૌ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઊજવો છો તે માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું. આપના તરફથી તેનું સરસ આયોજન થયું છે તેના પ્રતિકરૂપે આમંત્રણ, "તેજણને ટકોર", ટ્રસ્ટનાં પ્રકાશનોની યાદી, મોજણીપત્રક વગેરે માટે ખૂબ આભારી છું... સવિનય મોજણીપત્રક જિજ્ઞાસુઓ માટે મેં અહીં રાખ્યું છે. મારી પાસે ચારેક પ્રકાશનો પ્રસાદીરૂપ છે જે ખૂબ ઉપયોગી છે. પાતંજલ યોગ, એ સાધક માટે ખૂબ જ મહત્ત્વનો છે...

(૩)

કાન્તિ દેસાઈ

નવસારી

પરમ આદરણીય ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજી,

વિશ્વની અને શાંતિની ચિંતા કરનાર આપશ્રી તથા સમસ્ત ઓમ્ પરિવાર કુશળ-મંગળ હશો. આપના ચોવીસમા "ઓમ્ ગુરુ ઓમ્" ધ્વજા-આરોહણ મહોત્સવ તથા "ભિક્ષુ-બોધોત્સવ"ના વિસ્તૃત જનસમાજના ઉત્કર્ષના કાર્યક્રમના સ..૨..સ સાહિત્ય માટે હૃદયપૂર્વક વંદન.

કર્મશીલતા, કરકસર, જીવન જીવવાની સાચી કલા, "ઉપવાસ એટલે કરકસર, લોભ એટલે ભૂખમરો" વગેરે ચિંતન ખૂબ મૌલિક, જ્ઞાનસભર, મનનયુક્ત અને આચરવા જેવાં છે. આથી જ આપની દરેક ક્ષણ સમાજ ઉત્કર્ષ માટે છે. પર્યાવરણ - દરેક જાતનું - સાચવવા સંયમ/કરકસર જ ઉપાય છે. "વિશ્વશાંતિ તમારા ચરણોમાં"નો તર્ક હૃદયસ્પર્શી છે. પોતાનાં અને પારકાં તમામ સંતાનો માત્ર કુદરતનાં જ છે... જરૂરત છે વ્યાપકતા અને નિર્મળતાની...

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलिमडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने कराववा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (3) समाजनुं नैतिक धोरण ऊंचुं लाववा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગત્રિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliachagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.

To,

LM-863 NV H
NAVJIVAN CHERITABLE TRUST
NAVJIVAN
AMDAVAD 380014

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

લવાજમ મોકલવાનું તથા "ચેતભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) નૈષધભાઈ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગત્રિક્ષુજી
સાથેના સંસ્મરણો તથા પ્રેરક
પ્રસંગો આવકાર્ય છે.